સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પોલીસ-સ્વાસ્થ્ય સેના શ્રમે નચોવાઈ ગઈ !
હાથની સાથે, સાબૂની પ્રતિષ્ઠા ધોવાઈ ગઈ !
ખોવાઈ ગઈ, શિસ્ત-ધૈર્ય-શાંતિ અવ્યવસ્થામાં
માંડ મળી'તી મતદાર-મૂડી ચોરાઈ ગઈ !
(આડેધડ શ્રમિકોની હેરફેર)

હાઈકુ

ચૂસ્ત નિયમે
કાયદાની ઢીલથી -
થૈ અંધાધૂંધી...

આંખ મીંચીને
છૂટછાટનો ઘોડો
દોડે ચોપાસ...

ચિંતન

વિદ્યાર્થી સેવકઃ પાન્થઃ ક્ષુધાડડર્તો ભયકાતરઃ ।
ભાણ્ડારી પ્રતિહારી ચ સપ્ત સુપ્તાન્ પ્રબોધયેત ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

જો વિદ્યાર્થી, સેવક, યાત્રી, ભૂખથી પીડિત અને ડરપોક વ્યક્તિ, ભંડારનું રક્ષણ કરનાર ભંડારી અને દ્વારપાળ - આ સાત પોતાની ફરજના અભાવે સૂઈ જાય તો તેમને જગાડવા જોઈએ.

અભ્યાસ કરતાં કરતાં વિદ્યાર્થી જો સૂઈ જાય તો તેનો અભ્યાસ અધૂરો રહી જાય. માલિક તેના સેવકને સૂતો ઝડપે તે સેવકે નોકરીથી હાથ ધોવા પડે. યાત્રી જો યાત્રા દરમિયાન સજાગ ન રહે તો લૂંટાઈ જાય. ડરી ગયેલી વ્યક્તિ ઊંઘમાંથઈ વારંવાર ઝબકીને જાગી જાય છે. તેમજ દરવાજે રક્ષણ માટે તૈયાત દ્વારપાળ જો સૂઈ જાય તો ચોરી થવાનો ભય રહે છે.

અમુક બાબતોમાં છૂટછાટો ન ચાલે, 'જાગતાને પાડી ને ઊંઘડાને પાડો.' એ કહેવત યાદ રાખવી જરૂરી છે.

સુવિચાર

- સંગ્રહવૃત્તિ એ પુણ્ય પરના અવિશ્વાસની સૂચક છે - **જીવન પાથેય**
- મદદ કર્યા પછી મદ કરે તેની મદદ રદ થઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સદ્‌ગુરુ સાથે 'રિલેશન' એટલે સદ્‌ગતિનું 'રિઝર્વેશન' - **વિનય શાહ**
- ઈશ્વર પ્રાપ્તિ માટે ત્રણ સૂત્ર છે : પુરુષાર્થ, પ્રાર્થના અને પ્રતિક્ષા - **મોરારિ બાપુ**
- સંત કોને કહેવાય ? તંત કરે નહીં તે સંત, જે અનંત હોય તે સંત,
  જેની કોઈ પંગત હોય નહીં તે સંત, જેનું કોઈ અંગત હોય નહીં તે સંત - **અખંડ આનંદ**
- શીખવું કેમ તે શીખવું તે જીવનનું સૌથી મોટું કૌશલ્ય છે - **ટોની બુઝાન**
- આજનું ઔષધ : મેથીને દૂધમાં ચાર કલાક પલાળી રાખી તેને વાટી તે રસ બે ટીપા કાનમાં નાખવાથી કાનમાંથી આવતું પરું બંધ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાબિયાને મળવા હસન આવ્યા. તેમણે રાબિયાને કહ્યું, 'ચાલો સરોવર પાસે જઈએ અને આપણે સત્સંગની ધર્મની ચર્ચા કરીએ.' રાબિયાને ખ્યાલ આવી ગયો કે હસન પોતાની પાણી પણ ચાલવાની શક્તિનું પ્રદર્શન કરવા માગે છે. રાબિયા પોતે પણ હવામાં ઉડી શકવાની શક્તિ રાખતી હતી. રાબિયાએ હસનને કહ્યું, 'આપ પાણી પર ચાલી શકો છો, તે ક્રિયા માછલીઓ પણ સારી રીતે કરી શકે છે! અને હું જે કરી શકું છું, તે ક્રિયા માખી - પક્ષીઓ પણ સરળતાથી કરી શકે છે. સત્ય જ સનાતન અને શ્રેષ્ઠ ગણાય. કરામતગીરી કે જાદુ સત્ય આગળ શૂન્ય બરાબર છે. તેનું મૂલ્ય કોડી બરાબર છે.'

રાબિયાની આધ્યાત્મિક વાત સાંભળીને હસનનું ગર્વ ચૂરચૂર થઈ ગયું. તે દિવસથી તેઓ રાબિયાના શિષ્ય બની ગયા.

અહંકારનં પ્રદર્શન વ્યર્થ છે, કળા-કૌશલ્ય કે જાદુ કરતાં સત્ય સનાતન ને આધ્યાત્મિક શ્રેષ્ઠ છે.

માનવજાત સ્તબ્ધ બની છે...

તંત્રીસ્થાનેથી...

એવા એક અકલ્પનીય સમયનો સામનો કરી રહ્યા છીએ કે કાલે આપણે હયાત હોઈશું કે નહીં એની કોઈને ખાતરી નથી. માનવજાત અનેક મહામારીઓ, રોગચાળા જોઈ ચૂકી છે - પણ આખી દુનિયાને ભરડો લેનારો રોગચાળો કદાચ પહેલી વાર આવ્યો છે. વળી એ રોગચાળાનાં કોઈ સ્પષ્ટ લક્ષણો પણ નથી. તાવ, શરદી, ઉધરસ એ તો આપણી રોજિંદી જિંદગી સાથે વણાઈ ગયેલી નગણ્ય બાબતો છે. કયારેક મેલેરિયાનો ઠંડી ચડીને આવતો તાવ કે ટાઈફોઈડનો અથવા ટીબીનો લાંબા સમય લગી રહેતો સતત ઉધરસ સાથેનો જીર્ણ તાવ ખતરનાક ગણાતા હતા. માનવ જાતે એ રોગો સામે વિજય મેળવી લીધો છે. ઉધરસ ફેફસાંને કેન્સરની પણ ચાડી ખાતી રહી છે. ઈન્ફ્લુએન્ઝા તરીકે ઓળખાતી બીમારી સામે માનવી સહેલાઈથી ટકી શક્યો છે. પ્લેગ કે કોલેરા હવે ભૂતકાળ બની ગયા છે. ત્યારે કોરોનાનો આ નવો વાઈરસ માનવજાત સામે બિહામણું વિધ્વંસક રુપ લઈ મેદાનમાં આવ્યો અને ચંદ્ર-મંગળ પર કોલોનીઓ બાંધવાનાં આયોજનો કરી રહેલા સમૃદ્ધ દેશો કે ભારત જેવી નવી આર્થિક મહાસત્તા બનવા ઉધામા કરતા રાષ્ટ્ર માટે અસ્તિત્વનો પડકાર બની રહ્યો છે. બધાં જ આયોજનો વખત પૂરતાં લોકડાઉન થઈ ગયાં છે અને અત્ર તત્ર સર્વત્ર આ ખતરનાક વાઈરસનો ચેપ તથા એથી નીપજતાં મૃત્યુની જ ચર્ચા ચાલી રહી છે. સરકારે વિશ્વ આરોગ્ય સંસ્થાની સલાહથી લોકડાઉન થિયરી અપનાવી એથી રોગની ગતિ ધીમી પડી છે પરંતુ એનો સફાયો કયારે થશે - એ વિશે કોઈ કશું જ કહેવાની સ્થિતિમાં નથી. સંક્રમણ સાથે જીવવા ટેવાવું પડશે - એવી તજજ્ઞોની સલાહ ધ્રુજાવી મૂકે છે. પ્રતિકારશક્તિ ધરાવતો યુવા વર્ગ તો હેમખેમ બચી નીકળશે પણ બાળકો અને વૃદ્ધો માટે આ ચેપ મોતનો પૈગામ બની શકે છે. સાચવી સાચવીને આપણે કેટલું સાચવી શકીશું? કયાં સુધી સુપર સ્પ્રેડર્સ ગણાતા શાકભાજી કે ફળોના વેપારીઓને ધંધો રોજગાર કરતાં અટકાવી શકીશું? કોરોનાની ચેઈન તોડવા માટેના લોકડાઉન શસ્ત્રને કયાં સુધી ઉગામ્યા કરીશું? એથી ઊભા થનારા બીજા પ્રશ્નોનો પણ વિચાર તો કરવો જ રહ્યો. મનોવૈજ્ઞાનિકોએ લોકડાઉન લંબાવવાની સરજાનારી માનસિક વિટંબણા વિશે કડક અભિપ્રાય આપી દીધો છે. આજીવિકા ખાતર પણ માણસે ઘર બહાર તો નીકળવું જ રહ્યું. પાંચ ટ્રિલિયનની માતબર ઈકોનોમી બનવાનાં સપના જોતા ભારતમાં લાખો નહીં, કરોડો લોકો હવે ભૂખમરાનો શિકાર બને એ દિવસો દૂર નથી. ત્યારે સિંગાપુર યુનિવર્સિટીના સંશોધકોએ કરેલ રિસર્ચ મુજબ ૨૧ મે પછી જો કોરોના ખમૈયા કરશે તો તે ઈશ્વરની મોટી કૃપા જ ગણાશે. એવાં સંશોધનો અંદાજ માત્ર હોય છે. એટલે દુનિયાભરમાં કોરોનાની રસી અને દવા શોધવાની જે મથામણ ચાલી રહી છે એમાં જરૂર કોઈ આશાનું કિરણ મળે તો મળે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નિખાલસપણે કહે છે કે ઈકોનોમીને બચાવી લેવાનો એક માત્ર ઉપાય હવે લોકડાઉનમાંથી વહેલી તકે મુક્ત થવામાં પડેલો છે. પરંતુ સાથે એમને દહેશત પણ વ્યક્ત કરી છે કે એમ કરવા જતાં મરણ આંક વધે એવી તૈયારી પણ રાખવી પડશે. ભારતને સૂર્યની પ્રચંડ ઊર્જાની કુદરતી ભેટ મળેલ હોઈ વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં અહીં ચેપની ગતિ ધીમી છે અને મરણાંક ઓછો છે. પરંતુ વાઈરસ પૂર બહારમાં તો જૂનમાં એની તાકાત બતાવશે, એવું પણ તારણ નીકળ્યું છે. શ્રમજીવીઓ માટે વાઈરસ ભૂખમરાનો માર લઈને આવ્યું છે. સુરતથી ઓડિશા જનારી શ્રમિક ટ્રેનો પર પ્રતિબંધ આવી ગયો છે. ઓડિશા સરકારે અદાલતમાંથી એ મતલબનો આદેશ મેળવ્યો છે કે 'કોરોના નેગેટિવ' નું પ્રમાણપત્ર ધરાવતા ઓડિશાવાસીઓને જ પ્રવેશ અપાશે. લાખોની સંખ્યામાં ગુજરાતમાં રહેતા પરપ્રાંતીયોને દરેકને ટેસ્ટ કરી કરીને મોકલવાની ક્ષમતા ગુજરાત પાસે છે ખરી? અનેક પ્રકારના પ્રશ્નો, પ્રશ્નો ઉકેલવાના પ્રામાણિક પ્રયાસો સામે અદાલતી આદેશ - આપણે એક અંધાધૂંધીભર્યા યુગમાં જીવી રહ્યા હોઈએ એવું નથી લાગતું ? આ કોરોનાએ મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા, ચર્ચ - બધાંને તાળાં મારી દીધાં છે. એણે ઈશ્વરની પણ બોલતી બંધ કરી દીધઈ છે. માનવી બિચારો જાય તો જાય પણ ક્યાં !

વો ઔલાદ નહીં જન્મી, જો અપને મા-બાપ કે શ્રાપ સે બચ સકે

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

વો ઔલાદ નહીં જન્મી, જો અપને મા-બાપ કે શ્રાપ સે બચ સકે
- રાજા હિન્દુસ્તાની

૧૯૯૬માં ધર્મેશ દર્શનનાં દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મે સફળતાઓના શિખરો સર કર્યા હતા. કરિશ્મા કપૂર અને આમિર ખાનને ચમકાવતી આ ફિલ્મ ૧૯૬૫માં આવેલી 'જબ જબ ફૂલ ખીલે'ની જ રિમેક હતી. શશિ કપૂર અને નંદાને ચમકાવતી ૧૯૬૫ની આ ફિલ્મનું ગીત 'પરદેસિયોં સે ના અખિયાં મિલાના' અને ૧૯૯૬ની 'રાજા હિન્દુસ્તાની'નું 'પરદેસી પરદેસી જાના નહિ...' સુપર હિટ રહ્યાં હતા. પરદેસી શબ્દ બંને ફિલ્મો માટે શુકનિયાળ નિવડ્યો હતો.

ત્યાર બાદ ૨૦૦૨માં કન્નડમાં અને ૨૦૦૫માં ઉડિયા ભાષામાં આ ફિલ્મની સફળ રિમેક બનાવવામાં આવી હતી.

રાજા હિન્દુસ્તાની ફિલ્મના સંવાદ જાવેદ સિદ્દિકીએ લખ્યાં હતા. ફિલ્મમાં આ સંવાદ કરિશ્મા કપૂર બોલે છે.

આ જ પ્રકારની એક પંક્તિ 'કથાસરિત્સાગર'માં જોવા મળે છે.

માતાપિતૃભ્યાં શપ્તઃ સન્ન જાતુ સુખમશ્નુતે ।
માતાપિતાનો શાપ મેળવી સંતાન સુખી નથી થતાં.

કથાસરિત્સાગર સંસ્કૃત સાહિત્યનો શિરોમણિ ગ્રન્થ છે. કાશ્મીરમા સોમદેવ ભટ્ટરાવ દ્વારા કુલ્લુ/કાંગડાના રાજાની પુત્રી અને કાશ્મીરના રાજા અનંતની પત્ની રાણી સીર્યમતીના મનોવિનોદાર્થે આ કૃતિની રચના ૧૦૬૩ અને ૧૦૮૩ ના મધ્યમાં કરવામાં આવી.

કથાસરિત્સાગરમાં ૨૧૩૮૮ પદ્ય છે,જેને ૧૨૪ તરંગોમાં વિભાજિત કરવામાં આવ્યાં છે.

આ કથાઓના વિશાળ ખજાનામાં સંગૃહિત અનેક કથાઓ રોચક અને મનોરંજક છે,આપણું કથાસાહિત્ય અત્યંત સમૃદ્ધ અને જ્ઞાનસભર છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

રવિવારે 'મા તું સ્નેહનું ઝરણું' કાર્યક્રમનું 'ઓનલાઇન' આયોજન

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

● પ્રવર્તમાન સમયમાં 'કોરોના કહેર'ના પરિણામે પ્રવર્તતા 'લૉકબંધી' અને કલમ -૧૪૪ ની અમલવારીના કારણે,લોકો એકસાથે ભેગા મળે નહીં અને માતૃભાષા ગુજરાતીમાં ખેડાણ ચાલુ રહે તે હેતુસર,ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગર દ્વારા તા.૧૦-૫-૨૦૨૦ના રોજના 'માતૃદિન' નિમિત્તે, સંવેદનાની અભિવ્યક્તિ માટે 'મા તું સ્નેહનું ઝરણું' કાર્યક્રમનું 'ઑનલાઈન' આયોજન કરેલ છે; જેમાં હૃદયના ભાવો,ઊર્મિઓ, લાગણીઓને વ્યક્ત કરવાની અણમોલ તકો ઝડપી, ક૨૦૦ શબ્દો સુધીમાં,ગુજરાતી અથવા હિન્દીમાં ઢાળીને; ગીત,ગઝલ,કાવ્ય,નિબંધ, પ્રસંગકથા, અનુભવ કે લઘુકથાના કોઈપણ સ્વરૂપની કૃતિ, તારીખ ૯મી મે, ૨૦૨૦ સુધીમાં વૉટ્સએપ નં.૭૫૭૪૯ ૯૦૦૯૨ ઉપર મોકલી આપવા ગુજરાત સાહિત્ય સંગમના અધ્યક્ષ નટવર હેડાઉ અને મહાસચિવ લલિત કિશોર અગ્રવાલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

● 'કોરોના કહેર'ને અનુલક્ષીને 'ગુજરાતી સ્વૈચ્છિક વિષય' પરનું, 'ઓનલાઈન કવિસંમેલન', મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ,ગાંધીનગરના ઉપક્રમે; ગુજરાતી-હિન્દી કવિ અને ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય - ડો. ગુલાબચંદ પટેલ દ્વારા, તા.૯-૫-૨૦૨૦ના રોજ ૨-૦૦ વાગે યોજવામાં આવેલ છે; જેમાં લગભગ ૭૭ કવિઓએ ઑનલાઈન ભાગ લીધેલ છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

હિમાલયની દૃઢતા અને પુષ્પની કોમળતા : પ્રાધ્યાપક પુરુષોત્તમ ગણેશ માવળંકર

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

હીમાલયની દૃઢતા અને પુષ્પની કોમળતા : પ્રાધ્યાપક પુરુષોત્તમ ગણેશ માવળંકર

ભારતની લોકસભાનું ચિત્ર એ સમયે જુદું હતું. (૧૯૭૫) ઘણાં સુખ્યાત રાજકીય નેતાઓની લોકસભામાં ગેરહાજરી હતી. ''જયપ્રકાશ નારાયણ'' જેવા એક તેજપુંજની વ્યાપક તથા ઊંડી અસર તેઓ જેલમાં હોવા છતાં જનમાનસ ઉપર છવાયેલી હતી. કેન્દ્ર સરકાર કેટલાક બંધારણીય સુધારાઓની દરખાસ્ત લોકસભામાં પસાર કરાવવા માંગતી હતી. આવી દરખાસ્ત લોકસભાના હાજર રહેલા સભ્યોની સર્વાનુમતિથી થાય તેવા સંજોગો હતા. સરકારની પણ આવીજ મહેચ્છા હતી. દરખાસ્ત લોકસભામાં મતદાન માટે રજૂ થઈ ત્યારે ચોક્કસ વિચાર તથા તર્ક સાથે 'ના' કહેનાર એકમાત્ર સાંસદ ગુજરાતના હતા તેની નોંધ દેશ તથા દુનિયાના માધ્યમોએ લીધી. ફરી એક વખત મહાભારતના વિકર્ણની સત્ય કહેવાની શક્તિનું જીવંત દર્શન સાબરમતીના એક પનોતા પુત્રએ કરાવ્યું તે એક ભૂંસી ન શકાય તેવી ઉજ્વળ ઘટના હતી. 'ના' કહેવાનો પણ એક મત છે તેની પ્રતિતિ કરાવનાર પુ. ગ. માવળંકરની સ્મૃતિ ગુજરાત રાજ્યની સ્થાપના પર્વના આ માસમાં થાય છે. કવિ ઉમાશંકર જોશીની સત્યની આંખે ભાળવાની કસોટીમાંથી આ સાંસદ પાર ઉતર્યા હતા. માવળંકર સાહેબે ગાંધીની કેડીએ નિર્ભયતાથી ડગ માંડ્યા હતા.

ગાંધીને પગલે પગલે
તું ચાલીશને ગુજરાત ?
સત્ય અહિંસાની આંખે
તું ભાળીશને ગુજરાત ?

ભારતની લોકસભાના પહેલા સ્પીકર ગણેશ વાસુદેવ માવળંકરના ઉજળા સંસ્કારનું આબેહૂબ દર્શન તેમના હોનહાર પુત્ર પુરુષોત્તમ માવળંકરના જીવનમાં થતું જોવા મળ્યું. મહારાષ્ટ્રનું આ સુવિખ્યાત કુટુંબ 'સવાઈ ગુજરાતી' થઈને પ્રજાજીવનમાં ભળી ગયું તે એક ગૌરવશાળી ઘટના છે.

માવળંકર સાહેબના ઘડતરમાં તેમના માતા-પિતા ઉપરાંત કુટુંબના અનેક વડીલ સભ્યોનો ફાળો છે. તેમના દાદીને બધા પુત્રોમાં આ પુત્ર માટે વિશેષ લગાવ હતો તેમ નોંધાયું છે. સી. એન. વિદ્યાવિહાર જેવી ઉત્તમ શૈક્ષણિક સંસ્થા તથા સંસ્કારમૂર્તિ સમાન ઝીણાભાઈ દેસાઈની અમી નજર હેઠળ માવળંકર સાહેબનું સ્વસ્થ તથા સમતોલ ઘડતર થયું હતું. માવળંકર સાહેબે જે ક્ષેત્રમાં કામ કર્યું ત્યાં પોતાની વિશિષ્ટ છબી ઉપજાવી હતી.

પ્રાધ્યાપક પુ. ગ. માવળંકર જન્મજાત શિક્ષક હતા. અમદાવાદની એલ. ડી. આર્ટસ કોલેજમાં તેમની શૈક્ષણિક સેવાઓ યાદગાર રહી. આ અધ્યાપક શૈક્ષણિક કાર્યને પૂર્ણ રીતે સમર્પિત હતા. તેઓ એલ.ડી.માં હતા તે સમયની બનેલી એક ઘટના માવળંકર સાહેબની શિક્ષણ કાર્ય તરફની નિષ્ઠા તેમજ નિર્ભયતાનું દર્શન કરાવે છે. એલ. ડી. આર્ટસ કોલેજ પ્રાધ્યાપક માવળંકરના પ્રયાસો તથા સૂચનથી પૂરા દિવસની એટલે કે ડે-કોલેજ તરીકે ચાલતી હતી. પાંચ વર્ષ માટે તેને દિવસની કોલેજ તરીકે ચલાવવાનું નક્કી પણ થયેલું હતું. આ સ્થિતિ હોવા છતાં ૧૯૬૮માં કોલેજના સંચાલક મંડળે કોલેજને ફરી સવારના સમયમાં ચલાવવાનું નક્કી કર્યું. આ ઉપરાંત કોલેજના સંચાલનને લગતા કેટલાક મહત્વના નિર્ણયો સંચાલક મંડળે લીધા. આ નિર્ણય લેવાયો ત્યારે માવળંકર વિદેશ પ્રવાસમાં હતા. આ રીતે આચાર્યની ગેરહાજરીમાં તથા તેમની સાથે ચર્ચા-વિચારણા કર્યા સિવાય આ નિર્ણય કરવામાં આવ્યો. માવળંકર સાહેબે વિદેશ પ્રવાસેથી પાછા આવીને આ બાબત જોઈ. માવળંકર સાહેબની દ્રઢ માન્યતા હતી કે કોલેજના શૈક્ષણિક નિર્ણયોમાં આચાર્યનો મત ધ્યાનમાં લેવાવો જોઈએ. આ કિસ્સામાં તેમ થયું ન હતું. તેમના આગ્રહથી કોલેજના શૈક્ષણિક કાર્યનો જે સમય ફેરફાર થયો હતો તે નિર્ણય પણ ઉલટાવી દેવામાં આવ્યો હતો. મુંગા મોઢે સંચાલકોનો નિર્ણય સ્વીકારી લે તેવા આચાર્ય માવળંકર ન હતા. સંસ્થાના ચેરમેને આ નિર્ણયની પુનઃ વિચારણા કરવાની વાત માન્ય ન રાખી. બીજા કોઈ આચાર્ય હોત તો આવું અપમાન કદાચ ગળી ગયા હોત. પરંતુ માવળંકર સાહેબે કોલેજના આચાર્યપદેથી રાજીનામું આપ્યું. આચાર્યના સ્વમાન સાથે કોઈ ચેડા થાય તે વાત આ સરસ્વતીના આજીવન ઉપાસકને માન્ય ન હતી. જે કોલેજની સ્થાપનામાં પોતાના પિતા ગણેશ માવળંકરનું મહત્વનું યોગદાન હતું તે સંસ્થા સાથે ક્ષણનાયે વિલંબ સિવાય પ્રાધ્યાપક માવળંકરે છેડો ફાડ્યો. તેમણે આ બાબતમાં ગ્લાનિ જરૂર અનુભવી પરંતુ કોઈ બાંધછોડ કરી નહિ. કોલેજ સાથેના લગભગ અઢી દાયકાના નાતાને સાપ કાંચળી ઉતારે તેવી સહજતાથી ઉતારી નાખ્યો. ''એકલો જાને રે'' નો અંતર સાદ પારખવામાં માવળંકર કદી પાછા પડ્યા નથી. આજે જ્યારે શૈક્ષણિક સંસ્થાઓના મૂલ્યોના ધોરણોમાં નિરાશાજનક ધોવાણ અનેક કિસ્સાઓમાં જોવા મળે છે ત્યારે માવળંકર સાહેબનો આ કિસ્સો આપણાં ઉજળા શૈક્ષણિક મૂલ્યોની યાદ અપાવે છે. મહાવિદ્યાલયોના મકાનો તથા સવલતો વધી છે પરંતુ શિક્ષણની ગુણવત્તાનો પડકાર વ્યાપક બન્યો છે તેમ સ્વીકારવું પડે તેવી સ્થિતિ છે. પ્રાધ્યાપકો તેમજ સંચાલકોમાં માવળંકરોની નિષ્ઠા પુનઃ જાગૃત થાય તોજ શૈક્ષણિક ગુણવત્તાનો પ્રશ્ન આપણે ઉકેલી શકીએ. અમદાવાદ તથા ગુજરાતે પુ. ગ. માવળંકર, પ્રોફેસર ફીરોઝ દાવર કે ધીરૂભાઈ ઠાકર જેવા અધ્યાપકોને સ્મરણમાં રાખીને અધ્યાપકો માટેના ધોરણ ફરી નક્કી કરવા પડશે. સ્વતંત્ર રીતે શૈક્ષણિક કાર્ય કરવાની મોકળાશ પણ આવા અધ્યાપકોને આપવી પડશે. સારા અધ્યાપકો સિવાય સક્ષમ ભાવી પેઢીઓનું નિર્માણ કરવું મુશ્કેલ છે.

સતત અધ્યયન કરતા રહેવાની મહેચ્છામાંથી ૧૯૫૪માં માવળંકર સાહેબે હેરલ્ડ લાસ્કી ઈન્સ્ટીટ્યૂટની સ્થાપના કરી અધ્યયન તથા અધ્યાપનનો એક અનોખો આનંદ હોય છે તેમ તેઓ હમેશા કહેતા હતા. લગભગ સાડા ચાર દાયકા સુધી હેરલ્ડ લાસ્કી ઈન્સ્ટીટ્યૂટની પ્રવૃત્તિ ચાલુ રહી. આવી સંસ્થા અમદાવાદમાં ચલાવવામાં આવે છે તેની નોંધ લઈને પંડિત જવાહરલાલ નહેરુએ પોતાની શુભેચ્છાઓ પત્ર લખીને પાઠવી હતી. અધ્યયન કાર્યની આવી સુચારુ વ્યવસ્થા એ અમદાવાદના ગૌરવ સમાન હતી.

અમદાવાદના આ અપક્ષ સાંસદે પોતાના વિચારો લોકસભામાં તેમજ લોકસભાની બહાર નિર્ભયતાથી વ્યક્ત કર્યા. ઈન્દુચાચા પછી તેમનીજ અમદાવાદની બેઠક પરથી લોકસભાના એક સક્રિય સભ્ય તરીકે તેમણે લોક લાગણીને સંસદ ભવનમાં વાચા આપી ૧૪મી માર્ચ-૨૦૦૨ના દિવસે તેઓ ચિર પ્રયાણ કરી ગયા પરંતુ એક અનોખી સુગંધ પ્રસરાવીને ગયા.

સર્વ પ્રકારના વ્યાપક શ્રમ જ્યાં સમત્વપૂર્વક કરાય તે આશ્રમ છે : વિનોબા

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીની અનેક ઓળખ છે એ પૈકીની એક ઓળખ એટલે ગાંધી રચિત આશ્રમ અને આશ્રમ જીવન. આશ્રમ જીવનમાં તેમણે દાખલ કરેલી વ્રતનિષ્ઠા અને શ્રમનિષ્ઠાએ એને દિપાવ્યું હતું. ગાંધી પહેલા પણ તેમના સમકાલીનો સ્વામી શ્રધ્ધાનંદ, રવિન્દ્રનાથ ટાઓર અને મહર્ષિ અરવિંદે આશ્રમો સ્થાપ્યા હતા. પણ ગાંધીના આશ્રમમાં આત્મકલ્યાણ, સમાજસેવા અને કુટુંબ ભાવના વિકસાવીને સાદું અને સંયમીત જીવન જીવવાની વ્યવસ્થા પહેલ વાર શરૂ થઈ હતી. સેવા સાથે આત્મકલ્યાણનો સમન્વયએ આશ્રમ જીવનનો પ્રાણ હતો. આ બેવડાં આદર્શને સિધ્ધ કરવા તેમણે પોતે જ સંન્યાસીની વ્યાખ્યા કરી હતીઃ ' જગતમાં રહેતો હોવા છતાં સેવાભાવથી ને સેવાને સારુ જ જીવે છે તે સંન્યાસી છે'.

આશ્રમમાં લાકડા ફાડવા, પાયખાના સાફ રાખવા, પોતાના કપડાં જાતે ધોવા, રસોઈ કરવી વગેરે અનેક કામો તો થવા જ જોઈએ એવી વ્યવસ્થા સાથે આશ્રમને શ્રમપ્રધાન સંસ્થા તરીકે ઉભી કરી. આશ્રમજીવનથી મળેલા સંયમ સાદાઈ અને સાત્વિક તિતીક્ષાના પદાર્થ પાઠો ગાંધીજીને જાહેર સેવાના કાર્યોમાં ખૂબ ઉપયોગી નીવડ્યા હતા. ગાંધીજીનો આશ્રમ વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓની પ્રયોગશાળા પણ હતો એટલે ત્યાં ખેતી, કાંતણ, વણાટકામ, સુથારી કામ, ગૌશાળા, ચમાર ખાતુ વગેરે ઉત્પાદક શ્રમના કેન્દ્રો પણ સ્થાપવામાં આવ્યા હતા. ગાંધીના આ આશ્રમ જીવનની વાત આજના લૉકડાઉનના સમયગાળામાં આપણને ઓછા સાધનો, બહાર ક્યાંય રઝળપાટ વગર માત્ર ઘરમાં રહીને અને પરિવારના સભ્યો સાથે રોજિંદા જીવનના કામોની કાર્ય વહેંચણી અત્યાર પૂરતી સ્વીકારી લીધી છે તે સંદર્ભમાં ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે. અત્યારના દિવસોએ નાના બાળકોથી માંડીને ઘરની એક સતત કામ કરતી મહિલાઓ સિવાયના તમામને શ્રમનો મહિમા તો સમજાવ્યો છે પરંતુ સાથે સાથે સામાન્ય દિવસોમાં પણ જે મહિલા ઘરમાં બંધ અને ઘરનાં કામોમાં જ વ્યસ્તરહે છે તેને સમજવા માટે પણ એક દૃષ્ટિ આપી, સામાજિક વિકાસની વાત આપણે વિચારીએ તો ઘરનું તમામ કામ સંભાળતી પરંતુ જેના કામની કોઈ કદર તો ના કરે પરંતુ નોંધ પણ લેવામાં ન આવે તેવી મહિલાઓનું નિષ્ઠાપૂર્વકનું કામ દરેક પરિવારોએ સ્વીકાર્યું અને સમજ્યું છે. અને એના આધારે ઘરના અનેક કામો જે પહેલા ઘરની એકમાત્ર મહિલાના શિરે હતા તે કામમાં હવે કુટુંબના અન્ય સભ્યોની સહભાગીદારીતા આવી છે. 'ઘરમાં જ રહો- સલામત રહો' ની આજની આ આપાતકાલીન સ્થિતિમાં એક બહુ મોટી સામાજિક વ્યવસ્થા કુટુંબ જીવનમાં દાખલ થઈ છે એ આનંદદાયક છે, આપણે ઈચ્છીએ કે આ

લૉકડાઉનમાં ગાંધીના સહારે સવાલ : તમારું ઘર આશ્રમ ખરું?

વ્યવસ્થા કુટુંબમાં કાયમ માટે રહે. પરંપરાગત હિંદુ કુટુંબ વ્યવસ્થામાં ઘરની સ્ત્રીને માથે અનેક મહત્વના કામ થોપી દેવામાં આવ્યા છે. સ્ત્રી માટે આચાર ધર્મ- ખાનપાન-પહેરવેશ-રહેણીકરણી અને બાળકોને સાચવવાની જવાબદારી નાખી દેવામાં આવી છે. રસોઈ એ તો મહિલાઓનું જ કામ છે. પરંતુ રસોઈ કામને પણ ધર્મશાસ્ત્રોના હવાલે શુધ્ધિ અને અશુદ્ધિના નિયમો સાથે વણી લીધું. ગાંધીએ પશ્ચિમના વિચારો કે જેમાં સમાજજીવન માટે સારી બાબતો હતી તેવા સામાજિક મુલ્યોને તેમના આશ્રમ જીવનમાં દાખલ કર્યા હતા. અને ખાસ કરીને પીડિત માનવજાતિના સદસ્યો એવા અસ્પૃશ્ય બાંધવો અને મહિલાઓના અધિકારો માટેના કાર્યો પણ ઉપાડ્યા હતા. પશ્ચિમી સભ્યતાનો સમન્વય કરીને તેમણે પુરાતન ભારતીય સંસ્કૃતિ તરફ નવેસરથી જોવાની એક દૃષ્ટિ કેળવાય એનો પ્રયાસ કર્યો હતો.આજે આપણે સૌ પરિવારમાં મહિલા કે પુરુષના ભેદભાવ વગર ઘરના તમામ શ્રમિક કાર્યોનું મહત્વ સરળતાથી થોડા દિવસોમાં સમજી શક્યા છીએ.

એક પ્રસંગ અહીં યાદ કરવા જેવો છે. આમ તો ગાંધીજીએ અમદાવાદમાં આશ્રમ અને આશ્રમજીવન શૈલી શરૂ કરી પણ એ પહેલાં એમણે જ્યારે ચંપારણમાં ગળીની ફરજીયાત ખેતી સામે નીલવરો સામે આંદોલન શરૂ કર્યું ત્યારે જ તેમણે ભારતમાં આ કામ શરૂઆત કરી હતી. ચંપારણ સત્યાગ્રહમાં જ્યારે કોર્ટ કેસમાં અને આખી લડતમાં બિહારના અગ્રગણ્ય વકીલો ગાંધીની સાથે લડતમાં જોડાયા હતા ત્યારે દરેક વકીલ પોતાના અલગ નોકર અને અલગ રસોઈયા લઈને આવતા હતા કારણકે આ બધા જન્મે ઉચ્ચ જ્ઞાતિના સદસ્યો હતા. કર્મે બધા વકીલ. એટલે જન્મે અને કર્મ એક સરખા ખરા ને બધા સેવાએ ગાંધી સાથે જોડાયેલા એમ પણ સરખા ખરા પણ રસોઈમાં નોખા. હા, જાતિભેદમાં માનવામાં પાછા સરખા. ગાંધીએ તેમને પ્રેમ અને ધીરજથી સમજાવ્યા કે એક જ કામમાં લાગેલા આપણે સહુ એક જ જાતના છીએ એમ સમજીને સહુ એક સાથે એક રસોડે જમવું અને જમવાનું એક નિશ્ચિત સમય પણ સાચવવો. આ સુચનની ધારી અસર પડી. નિરામિષ ભોજન એક જ રસોડે જમવાનો ઠરાવ થયો. ગાંધીએ તેમના જીવનમાં સાદા ભોજન સાથે નાતજાતને ફગાવવાની વાત પણ દાખલ કરી દીધી. તો સાથે સાથે સમુદાય જીવનમાં સમૂહજીવન કુટુંબની રીતે જીવાય એ પણ સમજાવી દીધું. એ લડતના અનેક વકીલ બાબુઓ પૈકીના એક રાજેન્દ્રપ્રસાદે નોંધ્યું છે કે ' વકીલોને કુવેથી પોતાના હાથે ખેંચીને પાણી ભરવું, નાહવું, કપડા ધોવાં, પોતાના એઠાં વાસણો સાફ કરવા, રસોડામાં શાક સમારવું, દાળ